कौशल्यम् श्रेष्ठ सर्वदा ।

Internationally ISO 9001:2008 CERTIFIED Accredited

વનબંધુ કલ્યાણ યોજના
VANBANDHU KALYAN YOJANA

શ્રી વાઘલધરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત

# શ્રી નાથુભાઈ તથા શ્રીમતી પાર્વતીબેન નાથુભાઈ દેસાઈ વોકેશનલ ટ્રેનીગ સેન્ટર,

વાઘલધરા – ૩૯૬૩૭૫. તા. જી. વલસાડ
ટેલીફોન નં. ૮૯૮૦૮૦૭૧૭૭

**Website : v-vtc.org** **E-mail : vtcvaghaldhara@yahoo.com**

**(ISO 29990:2010 &ISO 9001:2015 Certified - NCVT Affiliated-Registered as VTP)**

રોજગાર લક્ષી લાંબા અને ટુંકા ગાળાના અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની

# પ્રવેશ માહિતી પુસ્તિકા



વોકેશનલ ટ્રેનીગ સેન્ટર

## ISO 29990 : 2010



ISO 29990:2010

GLOBAL Standards

# CERTIFICATE

This Certificate certifies that the Management System of

Shri Nathubhai & Smt. Parvatiben Nathubhai Desai, Vocational Training Center, Vaghaldhara

N.H.-8, Near Cancer Hospital, T.A. & Dist. Valsad, Gujarat- 396 375, India

has been audited by Global Standards and found to be in compliance with the requirements of the standard

ISO 29990:2010

This certificate is valid for the following scope

Providing Educational and Vocational Educational Courses Approved by NCVT

CERTIFICATE NO. : L18803/18
DATE OF CERTIFICATION : 02/08/2018
DATE OF EXPIRY : 01/08/2021

Certification Manager
Global Standards
www.isocertificationbody.in


## VTP REGISTRATION

**Vocational Training Provider**

**Shri Vaghaldhara Vibhag Kelavni Mandal, Vaghaldhara.**

**The Permanent Registration No.: TP_21349**

## NCVT AFFILIATION



STATE: Gujarat DATED: 24/08/2012

Note - As per NCVT decision all the instructors must be trained within three years. The State Director/Commissioner/Pvt management are requested to sponsor 30% instructors every year for Training in Trainer Program (in any CTI institute) of DGET field Institute.

-1-



DGT-12/1/2017-TC

STATE: Gujarat Dated: 08/11/2017

Total - 02 (New-0, Old-02)

-1-

**VOCATIONAL TRAINING CENTER, VAGHALDHARA**

શ્રી વાઘલધરા વિભાગ કેળવણી મંડળ ૧૯૫૦ના મુંબઈના ટ્રસ્ટ ધારા હેઠળ નોંધાયેલુ ટ્રસ્ટ છે. ૧૯૬૨ થી શ્રી ભીમાજી ભાણાજી સાર્વજનિક વિદ્યાલય (માધ્યમિક શાળા) વાઘલધરામાં ચલાવે છે. ઓગષ્ટ ૨૦૧૦થી ગુજરાત સરકાર સાથેની લોક ભાગીદારીમાં વ્યવસાયી તાલીમ કેન્દ્ર ચાલુ કરેલ છે. જેમાં નીચેના સત્તાવીસ અભ્યાસક્રમોની તકનીકી તાલીમ **NCVT** પેટર્ન અને **MES** પેટન હેઠળના **NSQF** લેવલના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે.

<u>સંસ્થામાં ચાલતા લાંબા ગાળાના રોજગારલક્ષી અભ્યાસક્રમોની યાદી :-</u>

| ક્રમ | અભ્યાસક્રમનું નામ | ક્ષેત્ર | તાલીમનો સમય | શૈક્ષણિક લાયકાત | બેઠક | | પ્રવેશ સમય |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | પ્રથમ પાળી | બીજી પાળી | |
| ૧ | કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ | ઈન્ફોરમેશન ટેકનોલોજી | ૧ વર્ષ (૨ સેમેસ્ટર) | ધો. ૧૦ પાસ | ૨૪ | ૨૪ | ઓગષ્ટ |
| ૨ | વેલ્ડર | કેપીટલ ગુડ્સ એન્ડ મેન્યુફેકચરીંગ | ૧ વર્ષ (૨ સેમેસ્ટર) | ધો. ૮ પાસ | ૨૦ | ૨૦ | ઓગષ્ટ |
| ૩ | પ્લમ્બર | પ્લમ્બીંગ | ૧ વર્ષ (૨ સેમેસ્ટર) | ધો. ૮ પાસ | ૨૪ | ૨૪ | ઓગષ્ટ |
| ૪ | મેશન (બિલ્ડીંગ કન્સ્ટ્રકશન) | કન્સ્ટ્રકશન | ૧ વર્ષ (૨ સેમેસ્ટર) | ધો. ૮ પાસ | ૨૪ | ૨૪ | ઓગષ્ટ |
| ૫ | ડ્રેસ મેકીંગ | એપરલ | ૧ વર્ષ (૨ સેમેસ્ટર) | ધો. ૮ પાસ | ૨૦ | ૨૦ | ઓગષ્ટ |
| ૬ | કોમ્પ્યુટર હાર્ડવેર એન્ડ નેટવર્ક મેન્ટેનન્સ | ઈન્ફોરમેશન ટેકનોલોજી | ૧ વર્ષ (૨ સેમેસ્ટર) | ધો. ૧૦ પાસ | ૨૪ | ૨૪ | ઓગષ્ટ |
| ૭ | ડ્રાફટમેન સીવીલ | કન્સ્ટ્રકશન | ૨ વર્ષ (૪ સેમેસ્ટર) | ધો. ૧૦ પાસ | ૨૪ | ૨૪ | ઓગષ્ટ |
| ૮ | ઈલેકટ્રીશીયન | પાવર | ૨ વર્ષ (૪ સેમેસ્ટર) | ધો. ૧૦ પાસ | ૨૦ | ૨૦ | ઓગષ્ટ |
| ૯ | રેફ્રીજરેશન અને એરકંડીશનર ટેકનીશીયન | કેપીટલ ગુડ્સ એન્ડ મેન્યુફેકચરીંગ | ૨ વર્ષ (૪ સેમેસ્ટર) | ધો. ૧૦ પાસ | ૨૪ | ૨૪ | ઓગષ્ટ |
| ૧૦ | ટર્નર | કેપીટલ ગુડ્સ એન્ડ મેન્યુફેકચરીંગ | ૨ વર્ષ (૪ સેમેસ્ટર) | ધો. ૧૦ પાસ | ૨૦ | ૨૦ | ઓગષ્ટ |
| ૧૧ | ફીટર | કેપીટલ ગુડ્સ એન્ડ મેન્યુફેકચરીંગ | ૨ વર્ષ (૪ સેમેસ્ટર) | ધો. ૧૦ પાસ | ૨૦ | ૨૦ | ઓગષ્ટ |
| ૧૨ | સર્વેયર | કન્સ્ટ્રકશન | ૨ વર્ષ (૪ સેમેસ્ટર) | ધો. ૧૦ પાસ | ૨૪ | ૨૦ | ઓગષ્ટ |
| ૧૩ | આર્કિટેકચર ડ્રાફટમેન | કન્સ્ટ્રકશન | ૨ વર્ષ (૪ સેમેસ્ટર) | ધો. ૧૦ પાસ | ૨૪ | ૨૦ | ઓગષ્ટ |

<u>સંસ્થામાં ચાલતા ટુંકા ગાળાના રોજગારલક્ષી અભ્યાસક્રમોની યાદી :-</u>

| ક્રમ | અભ્યાસક્રમનું નામ | ક્ષેત્ર | તાલીમનો સમય | શૈક્ષણિક લાયકાત | બેઠક | | પ્રવેશ સમય |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | પ્રથમ પાળી | બીજી પાળી | |
| ૧ | કોમ્પ્યુટર ઓપરેટર | બેન્કીંગ, ફાઈનાન્સ સર્વિસ એન્ડ ઈન્સ્યોરન્સ | ચાર માસ | ધો. ૧૦ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ ઓગષ્ટ ડિસેમ્બર |
| ૨ | કોમ્પ્યુટર હાર્ડવેર આસિસ્ટન્ટ | ઈલેકટ્રોનીકસ એન્ડ હાર્ડવેર | ચાર માસ | ધો. ૧૦ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ ઓગષ્ટ ડિસેમ્બર |
| ૩ | સીવીલ સાઈટ સુપરવાઈઝર | કન્સ્ટ્રકશન | ચાર માસ | ધો. ૮ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ ઓગષ્ટ ડિસેમ્બર |
| ૪ | લેન્ડ સર્વેયર | કન્સ્ટ્રકશન | ચાર માસ | ધો. ૧૦ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ ઓગષ્ટ ડિસેમ્બર |
| ૫ | મેશન | કન્સ્ટ્રકશન | ચાર માસ | ધો. ૫ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ ઓગષ્ટ ડિસેમ્બર |
| ૬ | આર્કીટેકચર આસિસ્ટન્ટ | કન્સ્ટ્રકશન | ચાર માસ | ધો. ૧૦ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ ઓગષ્ટ ડિસેમ્બર |
| ૭ | ઈલેકટ્રીકલ હાઉસ વાયરીંગ ટેકનીશીયન | પાવર | ચાર માસ | ધો. ૮ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ ઓગષ્ટ ડિસેમ્બર |
| ૮ | રેફ્રીજરેશન અને એરકંડીશન ટેકનીશીયન | ઈલેકટ્રોનીકસ એન્ડ હાર્ડવેર | ચાર માસ | ધો. ૮ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ ઓગષ્ટ ડિસેમ્બર |
| ૯ | વેલ્ડર ટેકનીશીયન | કેપીટલ ગુડ્સ એન્ડ મેન્યુફેકચરીંગ | ચાર માસ | ધો. ૮ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ ઓગષ્ટ ડિસેમ્બર |
| ૧૦ | ટીગ એન્ડ મીગ વેલ્ડીંગ | કેપીટલ ગુડ્સ એન્ડ મેન્યુફેકચરીંગ | ચાર માસ | ધો. ૧૦ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ ઓગષ્ટ ડિસેમ્બર |
| ૧૧ | પ્લમ્બીંગ | પ્લમ્બીંગ | ચાર માસ | ધો. ૮ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ ઓગષ્ટ ડિસેમ્બર |
| ૧૨ | CNC ટર્નીંગ ઓપરેટર | કેપીટલ ગુડ્સ એન્ડ મેન્યુફેકચરીંગ | ચાર માસ | ધો. ૧૦ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ ઓગષ્ટ ડિસેમ્બર |
| ૧૩ | CNC મશીનીસ્ટ | કેપીટલ ગુડ્સ એન્ડ મેન્યુફેકચરીંગ | ચાર માસ | ધો. ૧૦ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ ઓગષ્ટ ડિસેમ્બર |
| ૧૪ | ઈન્ડસ્ટ્રીયલ સ્યુઈંગ મશીન ઓપરેટર | એપરલ | ચાર માસ | ધો. ૫ પાસ | ૨૫ | ૨૫ | એપ્રિલ ઓગષ્ટ ડિસેમ્બર |

## તાલીમી સવલતો :–

(૧) અનુભવી અને લાયકાત ધરાવતા ટ્રેઈનરો દ્વારા તાલીમ આપવામાં આવશે.

(૨) સંસ્થામાં દૈનિક ૭:૩૦ કલાકની (૩૦ મીનીટ રીશેસ) તાલીમ આપવામાં આવશે જેમાં વર્કશોપ તથા થિયરીનો સમાવેશ થશે.

(૩) તાલીમ દરમ્યાન ઓનજોબ ટ્રેનિંગ તેમજ શૈક્ષણિક પ્રવાસોનું આયોજન કરવામાં આવશે.

(૪) તાલીમ દરમ્યાન દર મહિને થિયરી તેમજ વર્કશોપની લેખિત તેમજ મૌખિક પરીક્ષા લેવામાં આવશે.

(૫) દર ત્રણ માસે યોજાતી **NCVT** માન્ય અભ્યાસક્રમોની ત્રિમાસિક પરીક્ષા **Online-Computer Base Test** થી થશે તથા **MES** માન્ય અભ્યાસક્રમોની ફાઈનલ પરીક્ષા પણ **Online-Computer Base Test** થી થશે.

(૬) તાલીમાર્થીઓને અભ્યાસ દરમ્યાન જરૂરી સાધન સામગ્રી આપવામાં આવશે.

(૭) તાલીમાર્થીઓ અભ્યાસ દરમ્યાન લાયબ્રેરીનો ઉપયોગ કરી શકશે.

(૮) પ્રથમ પાળીનો સમય સવારે ૭:૩૦ કલાકથી ૩:૦૦ તથા બીજી પાળીનો સમય સવારે ૧૦:૦૦ કલાકથી સાંજના ૧૭:૩૦ કલાક રહેશે.

(૯) તાલીમાર્થીઓએ ફરજીયાત **Online Bio Metric Attendance** માં સવાર-સાંજ હાજરી પુરવી ફરજીયાત છે.

(૧૦) તાલીમ દરમ્યાન રવિવાર તથા ગુજરાત સરકારશ્રી દ્વારા જાહેર કરેલી રજાઓ સિવાય કોઈપણ જાતની રજા આપવામાં આવતી નથી.

## પ્રવેશ અંગે :–

(૧) સંસ્થામાં ગુજરાત રાજયના અનુસુચિત જનજાતિના ઉમેદવારોને પ્રવેશ માટે અગ્રતા આપી મેરીટના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

(૨) ખાલી રહેલી જગ્યાઓમાં અન્ય જાતિના ઉમેદવારોને મેરીટના ધોરણે સંસ્થાએ નિયત કરેલ ફી લઈને પ્રવેશ આપવામાં આવશે.

(૩) અરજી પત્રક મેળવવીને સંસ્થામાં રજુ કરવાની તારીખ જાહેરાત મુજબની રહેશે.

(૪) શારિરીક ખોડખાંપણવાળા ઉમેદવારોએ માન્ય સરકારી હોસ્પિટલમાંથી પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૫) તમામ ઉમેદવારોની સંસ્થા તરફથી મેડીકલ ચેકઅપ થશે.

(૬) અરજીપત્ર સંપૂર્ણ ભરી તેમજ જરૂરીયાત મુજબના આધારીત પ્રમાણપત્રની નકલ સામેલ કરી સંસ્થાની ઓફિસમાં કામકાજના દિવસોમાં સવારે ૧૦:૦૦ થી સાંજના ૫:૦૦ સુધીમાં જમા કરવાનું રહેશે.

(૭) કોઈપણ સંજોગોમાં અરજીપત્ર કુરીયર દ્વારા મોકલવું નહીં.

(૮) ઉમેદવારની વય મર્યાદા ૧૪ વર્ષથી વધુ હોવી જોઈએ.

## હોસ્ટેલ :–

દૂરથી અને બહારગામથી આવતા ઉમેદવારોને મેરીટ ધોરણે હોસ્ટેલમાં પ્રવેશ આપવામાં આવશે. હોસ્ટેલ પ્રવેશમાં ગરીબાઈના આંકને ધ્યાનમાં લેવામાં આવશે. ગુજરાત રાજયના અનુસુચિત જનજાતિના તાલીમાર્થીઓ માટે હોસ્ટેલમાં રહેવાની તેમજ જમવાની વ્યવસ્થા વિના મૂલ્યે કરવામાં આવશે.

જો હોસ્ટેલમાં અનુસુચિત જનજાતિના ઉમેદવાર નહીં મળે તો અન્ય જાતિના ઉમેદવારને માસિક રૂા. ૧૫૦૦/- લેખે (અંકે રૂપિયા પંદરસો પુરા) એડવાન્સમાં ભરી રહી શકશે. જેમાં રહેવાની તેમજ જમવાની વ્યવસ્થા થશે.

## પ્રવેશ ફી :

સંસ્થામાં પ્રવેશ મેળવતા તમામ ભાઈઓ પાસેથી રૂા. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) પ્રવેશ ફી લેવામાં આવશે. જ્યારે બહેનો પાસેથી રૂા. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) સંસ્થાએ નક્કી કરેલા નિયમ મુજબ ભરવાની રહેશે.

## ટયુશન ફી તથા છાત્રાલયમાં રહેવા જમવાની ફી :-

ગુજરાત સરકારશ્રી દ્વારા પ્રમાણિત અનુસુચિત જન જાતિના ઉમેદવારોએ કોઈપણ પ્રકારની તાલીમ માટે ટયુશન ફી ભરવાની નથી. અન્ય જાતિના ઉમેદવારોએ ટયુશન ફી તથા છાત્રાલયમાં રહેવા જમવાની ફી સંસ્થાએ નક્કી કરેલા નિયમ મુજબ ભરવાની રહેશે.

## કોશનમની ડિપોઝીટ :-

સંસ્થામાં પ્રવેશ મેળવતા તમામ ઉમેદવારો પાસેથી રૂા. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પૂરા) કોશનમની ડિપોઝીટ પ્રવેશ સમયે લેવામાં આવશે. જે તાલીમ પૂર્ણ થયા પછી પરત કરવામાં આવશે.

## પરીક્ષા ફી :-

NCVT અને MES પટર્ન હેઠળના અભ્યાસક્રમોની પરીક્ષા ફી તમામ તાલીમાર્થીઓએ ભારત સરકારશ્રી / ગુજરાત સરકારશ્રીના ધારા ધોરણ મુજબ ભરવાની રહેશે.

## પ્રમાણપત્ર :-

તાલીમના અંતે યોજાતી પરીક્ષાઓમાં ઉત્તિર્ણ થતા તાલીમાર્થીઓને NCVT મારફત પ્રમાણપત્ર એનાયત થશે.

## રોજગાર બાંહેધરી :-

તાલીમના અંતે સફળ તાલીમાર્થીઓને રોજગાર મેળવી આપવામાં સંસ્થા સંપૂર્ણપણે પ્રયત્નશીલ રહેશે.

## મેરીટ યાદી નક્કી કરવાની પધ્ધતિ અંગે અને અન્ય અગત્યની સુચનાઓ :-

(૧) ઉમેદવારે સંસ્થામાંથી નિયત કરેલ ફી રૂા. ૨૦/- રોકડેથી ચુકવીને અરજી પ્રવેશ ફોર્મ ભરી શકાશે.

(૨) ઉમેદવારે પ્રવેશ અરજી ફોર્મમાં પોતાની વિગતો કાળજીપૂર્વક અંગ્રેજીમાં ભરવી, પ્રવેશ ફોર્મ સાથે માર્કશીટ, સ્કુલ લિવિંગ સર્ટીફીકેટ, જાતિ અંગેનું પ્રમાણપત્ર, તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો, આધાર કાર્ડ, બેંકની વિગત વગેરેની સ્વપ્રમાણિત ઝેરોક્ષ નકલો અવશ્ય બીડવી.

(૩) ઉમેદવારે પ્રવેશ ફોર્મમાં ભરેલ વિગતો પ્રવેશ આપતી વખતે ચકાસવામાં આવતા મૂળ સર્ટીફીકેટો કરતાં જુદા અથવા ખોટા માલુમ પડશે તો તેવા ઉમેદવારોનો પ્રવેશ ખોટી માહિતી દર્શાવવા બદલ રદ થવાને પાત્ર થશે.

(૪) પ્રવેશ અંગેના મેરીટની જાણકારી સંસ્થામાંથી જ જાણી શકાશે.

(૫) ઉમેદવારની કે અન્ય ભૂલને લીધે, માર્ક ધરાવતા હોવા છતાં જો પ્રવેશ યાદીમાં ઉમેદવારનું નામ ન હોય તેવા ઉમેદવારોએ ફોર્મ ભર્યાની પહોંચ સાથે સંસ્થાના આચાર્યશ્રીનો સંપર્ક સાધવો.

(૬) ઉમેદવારને તેઓના પસંદગીના વ્યવસાયમાં પ્રવેશ મળી ગયા બાદ સત્ર શરૂ થયેથી સંસ્થામાં સતત ૧૦(દસ) દિવસ ગેરહાજર રહેશે તો તેનું નામ સંસ્થામાંથી કમી કરી નાખવામાં આવશે તેની અચૂક નોંધ લેવી.

(૭) જે તે ટ્રેડ માટે ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦+૨ ની પધ્ધતિમાં મેરીટ મુજબ પ્રવેશમાં અગ્રીમતા આપવામાં આવશે.

(૮) પ્રવેશ માટેની મેરીટ યાદી નીચે મુજબની રહેશેઃ-

(a) પ્રથમ યાદીમાં ગુજરાત સરકારશ્રી દ્વારા પ્રમાણિત થયેલ અનુસૂચિત જન જાતિ (ST) ના ઉમેદવારને મેરીટના આધારે અગ્રતા પ્રવેશ આપવામાં આવશે.

(b) જો (ST) ના ઉમેદવાર ન મળે તો ખાલી જગ્યા ઉપર અન્ય જાતિના ઉમેદવારને મેરીટના આધારે પ્રવેશ મળશે.

(c) મેરીટ યાદીમાં નીચે મુજબને અગ્રતા આપવામાં આવશે.

- ધોરણ ૧૦ અથવા સમકક્ષ પાસ ઉમેદવાર ત્યાર બાદ,
- ધોરણ ૯ અથવા સમકક્ષ પાસ ઉમેદવાર ત્યાર બાદ,
- ધોરણ ૮ અથવા સમકક્ષ પાસ ઉમેદવાર ત્યાર બાદ,

(d) જો કોઈ ઉમેદવારની લાયકાત શૈક્ષણિક ધોરણે પાસ કર્યું હોય અને સાથે અન્ય ટેકનીકલ કોર્ષ પાસ કર્યો હોય તો તેની લાયકાત મેરીટમાં પ્રથમ જશે.

(e) જો કોઈ ઉમેદવારના માર્કસ / ટકા સરખા હોય તો તેવા કેસમાં જેની ઉંમર વધારે હશે તેને લાયકાતમાં પ્રથમ પ્રવેશ મળશે.

(f) દરેક ઉમેદવારને તેની લાયકાતમાં મેળવેલ ગુણના આધારે ૭૦૦ ગુણની સપાટીએ લાવવામાં આવશે.

(g) જે ઉમેદવારે તેની લાયકાતની પરીક્ષા એક કરતાં વધારે પ્રયત્ને પસાર કરી હોય તેવા કિસ્સામાં ૭૦૦ ગુણની સપાટીએ લાવ્યા બાદ વધારાના દરેક પ્રયત્ન દીઠ ૧૫ ગુણની કપાત કરવામાં આવશે. (નિયમિત પ્રયત્ન બાદ કોઈ કારણસર પછીની પરીક્ષામાં ઉમેદવાર બેસે નહીં અથવા ડ્રોપ લે તો તેને દરેક જતી કરેલ તકની ગણતરી કરી વધારાની તક દીઠ ૧૫ ગુણની કપાત કરવામાં આવશે) પરંતુ વધુમાં વધુ ૪૫ ગુણની કપાત કરવામાં આવશે.

## રૂબરૂ મુલાકાત અંગેની સુચના :-

૧. નિયત સમય મર્યાદામાં જે ઉમેદવારોએ પ્રવેશ માટેની અરજીઓ ભરી છે, તેવી અરજીઓ પરથી બનાવેલ મેરીટ યાદી બે પ્રકારની રહેશે, એક ગુજરાત સરકારશ્રી દ્વારા પ્રમાણિત થયેલ અનુસુચિત જન જાતિ (ST) અને બીજી જનરલ.

૨. નિયત તારીખ અને સમયે ઉમેદવારે પોતાના સ્વખર્ચે સંબંધિત તમામ મૂળ પ્રમાણપત્રો, ગુણપત્રકો, જાતિ અંગેનો પુરાવો, સ્કુલ લિવિંગ સર્ટીફિકેટ (જો અન્ય જગ્યાએ અભ્યાસ કરતા ન હોય તો) વિગેરે પુરાવા સાથે રૂબરૂમાં હાજર રહેવું પડશે.

૩. સંસ્થા દ્વારા નક્કી કરેલ અધિકારીઓ કે કર્મચારીની ટીમ દ્વારા હાજર રહેલા તમામ ઉમેદવારોના અસલ પ્રમાણપત્રો, ગુણપત્રકો, જાતિ અંગેના પુરાવો, સ્કુલ લિવિંગ સર્ટીફીકેટ અને અન્ય જરૂરી પુરાવાઓની ચકાસણી કર્યા પછી ઉમેદવારને તેજ સમયે તેને મળવાપાત્ર ઉપલબ્ધ પસંદગીના દર્શાવેલ વ્યવસાયમાં પ્રવેશ ઓફર કરવામાં આવશે અને તેજ સમયે પ્રવેશ સ્વીકારવો કે ન સ્વીકારવાનો નિર્ણય કરવાનો રહેશે.

૪. જે ઉમેદવારને પ્રવેશ આપવામાં આવે તેને તેજ સમયે સંપૂર્ણ ફી ભરવાની રહેશે. ફી ભરવા માટે સમય લંબાવી આપવામાં આવશે નહીં. આથી રૂબરૂ મુલાકાતના દિવસે જરૂરી ફી અને કોશનમની ડિપોઝીટ લઈને આવવાનું રહેશે. જેની વિગતો નીચે મુજબ છે.

કોશનમની ડિપોઝીટ :- તમામ જાતિના ઉમેદવારો માટે રૂા. ૫૦૦/- (જે તાલીમ પૂર્ણ થયા પછી પરત કરવામાં આવશે.)

પ્રવેશ ફી :- તમામ જાતિના ભાઈઓ માટે રૂા. ૧૦૦૦/- તથા બહેનો માટે રૂા. ૫૦૦/- ભરવાની રહેશે.

ટયુશન ફી તથા છાત્રાલયમાં રહેવા જમવાની ફીઃ-

ગુજરાત સરકારશ્રી દ્વારા પ્રમાણિત અનુસુચિત જન જાતિના ઉમેદવારોએ કોઈપણ પ્રકારની તાલીમ માટે ટયુશન ફી

ભરવાની નથી તથા છાત્રાલયમાં રહેવા જમવાની ફી ભરવાની નથી.

અન્ય જાતિના ઉમેદવારોએ ટયુશન ફી તથા છાત્રાલયમાં રહેવા જમવાની ફી સંસ્થાએ નક્કી કરેલા નિયમ મુજબ ભરવાની રહેશે.

૫. <u>જે ઉમેદવાર પ્રવેશ મેળવ્યા પછી સંપૂર્ણ ફી ભરી દે અને કોઈ કારણસર પ્રવેશ રદ કરે તો કોઈપણ સંજોગોમાં ફી પરત મળશે નહીં તેની નોંધ લેવી.</u>

૬. જો ઉમેદવાર રૂબરૂ મુલાકાત સમયે ટ્રેડમાં પ્રવેશ સ્વીકાર ન કરે તો તેમને રૂબરૂ મુલાકાતના દિવસે ''વ્યવસાયમાં રસ નથી'' તેનો અસ્વીકૃતિ પત્ર લખી પોતાની સહી કરવાની રહેશે. આ મુજબનું લખાણ કરી આપ્યા પછી જો ઉમેદવારનો કોઈપણ કારણસર વિચાર બદલાય અને અગાઉ તેમને મળતી અને અસ્વીકાર કરેલ વ્યવસાયમાં અથવા જે તે સમયે ઉમેદવારને ઉપલબ્ધ વ્યવસાયમાં પુનઃપ્રવેશની માંગણી કરે તો તેમાં બેઠકો ખાલી હોવા છતાં પુનઃપ્રવેશની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. તેથી ઉમેદવારે ખૂબ જ વિચાર કરી અને સાવધાની પૂર્વક ઉપર દર્શાવ્યા મુજબનું લખાણ કરી આપવા અનુરોધ કરવામાં આવે છે.

૭. ઉમેદવારે પ્રવેશ સ્વીકારી અને સંપૂર્ણ ફી ભર્યા પછી જ રૂબરૂ મુલાકાતના દિવસે જ છાત્રાલયમાં પ્રવેશ માટેના ફોર્મ ભરી શકાશે.

૮. રૂબરૂ મુલાકાત માટે આવતા ઉમેદવારને પ્રવેશ માટે બાંહેધરી આપવામાં આવતી નથી.

૯. જો ઉમેદવાર પ્રવેશ વખતે અન્ય સંસ્થામાં અભ્યાસ કરતા હોય તો સ્કુલ લિવિંગ સર્ટીફીકેટ પ્રવેશ મળ્યા પછીના ત્રણ દિવસમાં ઓરીજીનલ સ્કુલ લિવિંગ સર્ટીફીકેટ જમા કરાવવાનું રહેશે. જે ઉપરોકત સમય મર્યાદામાં સ્કુલ લિવિંગ સર્ટીફીકેટ જમા ન કરાવે તો પ્રવેશ રદ કરવામાં આવશે.

## અરજી પ્રવેશ ફોર્મ ભરવા સંબંધી તથા સામાન્ય સૂચનાઓ :-

૧. પ્રવેશ અંગેના નિયમો પ્રથમ કાળજીપૂર્વક વાંચી, સમજી અને પછી જ પ્રવેશ ફોર્મમાં જણાવ્યા મુજબ જ વિગતો ભરવી.

૨. પ્રવેશ ફોર્મ ફરજીયાત અંગ્રેજીમાં જ ભરવાનું રહેશે.

૩. ઉમેદવારે તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો કલર ફોટો ફોર્મમાં બતાવેલ જગ્યાએ અવશ્ય ગુંદરથી ચોંટાડવાનો રહેશે.

૪. પ્રવેશ ફોર્મમાં જ્યાં '૧' લખેલ છે તે ભાગમાં ઉમેદવારની અટક, ઉમેદવારનું નામ, પિતાનું નામ, માતાનું નામ, SSC Mark sheet અથવા સ્કુલ લિવિંગ સર્ટીફીકેટ મુજબ અંગ્રેજી કેપીટલ અક્ષરોમાં જ લખવું.

૫. પ્રવેશ ફોર્મમાં જ્યાં '૨' લખેલ છે તે ભાગમાં ઉમેદવારની જન્મતારીખની વિગતો દર્શાવવા માટે છે. આ ખાનામાં સ્કુલ લિવિંગ સર્ટીફીકેટ મુજબ જન્મતારીખ દર્શાવવી.

૬. પ્રવેશ ફોર્મમાં જ્યાં '૩' લખેલ છે તે ભાગમાં ઉમેદવારની જાતિ પુરૂષ કે સ્ત્રી જે લાગુ પડતું હોય ત્યાં (✓)ની નિશાની જેતે ખાનામાં કરવી.

૭. પ્રવેશ ફોર્મમાં જ્યાં '૪' લખેલ છે તે ભાગમાં ઉમેદવાર પરણિત કે અપરણિત જે લાગુ પડતું હોય ત્યાં (✓)ની નિશાની જેતે ખાનામાં કરવી.

૮. પ્રવેશ ફોર્મમાં જ્યાં '૫' લખેલ છે તે ભાગમાં ઉમેદવારે ધર્મ લખવો.

૯. પ્રવેશ ફોર્મમાં જ્યાં '૬' લખેલ છે તે ભાગમાં ઉમેદવારે જે કેટેગરીમાં આવતા હોય તે ખાનામાં (✓)ની નિશાની કરવી.

૧૦. પ્રવેશ ફોર્મમાં જ્યાં '૭' લખેલ છે તે ભાગમાં ઉમેદવારે પોતાની પેટા જાતિ અવશ્ય લખવી.

૧૧. પ્રવેશ ફોર્મમાં જ્યાં '૮' લખેલ છે તે ભાગમાં ઉમેદવારે પોતાનો આધારકાર્ડ નંબર લખવો.

૧૨. પ્રવેશ ફોર્મમાં જ્યાં '૯' લખેલ છે તે ભાગમાં ઉમેદવારે પોતાની જે બેંકમાં ખાતુ હોય તે બેંકનું નામ, બેંકની બ્રાંચનું નામ, બેંકનો એકાઉન્ટ નંબર, બેંકનો IFSC કોડ નંબર લખવો.

૧૩. પ્રવેશ ફોર્મમાં જ્યાં '૧૦' લખેલ છે તે ભાગમાં ઉમેદવારે પત્ર વ્યવહારનું સંપૂર્ણ સરનામું લખવું. ઉમેદવારે જે જિલ્લા, તાલુકા કે ગામમાંથી આવતો હોય તેનું નામ જે તે ખાનામાં અવશ્ય લખવું. પીન કોડ અવશ્ય લખવો. ટેલીફોન નંબર અથવા મોબાઈલ નંબર અવશ્ય લખવા જેથી ભવિષ્યમાં થનારા પત્ર વ્યવહાર અથવા માહિતી મોકલી શકાય.

૧૪. ઉમેદવારે ''માત્ર ઓફિસ ઉપયોગ માટે'' તથા ''પહોંચ''માં કોઈપણ જાતનું લખાણ કરવાનું નથી.

૧૫. પ્રવેશ ફોર્મમાં જ્યાં '૧૧' લખેલ છે તે ભાગમાં ઉમેદવારે (અ)માં જે શૈક્ષણિક પરીક્ષા પાસ કરી હોય તે પરીક્ષાના ખાનામાં (✓)ની નિશાની કરવી. (બ)માં (અ)માં દર્શાવેલ શૈક્ષણિક લાયકતની વિગત ખાના મુજબ લખવી. (ક)માં ઉમેદવાર ધોરણ-૧૦ કે ધોરણ-૧૨ પાસ કરેલ હોય તો તેની વિગત જેતે ખાના મુજબ લખવી.

૧૬. પ્રવેશ ફોર્મમાં જ્યાં '૧૨' લખેલ છે તે ભાગમાં ઉમેદવારે શારીરિક વિકલાંગની માહીતી હા કે ના ના ખાના ઉપર (✓)ની નિશાની કરવી.

૧૭. પ્રવેશ ફોર્મમાં જ્યાં '૧૩' લખેલ છે તે ભાગમાં ઉમેદવારે ગરીબી રેખાની નીચેની લાઈનની માહીતી હા કે ના ના ખાના ઉપર (✓)ની નિશાની કરવી.

૧૮. પ્રવેશ ફોર્મમાં જ્યાં '૧૪' લખેલ છે તે ભાગમાં ઉમેદવારે પોતાની ઉંચાઈ સેન્ટીમીટરમાં તથા પોતાનું માપ વજન કિલોગ્રામમાં લખવું.

૧૯. પ્રવેશ ફોર્મમાં જ્યાં '૧૫' લખેલ છે તે ભાગમાં ઉમેદવાર છાત્રાલયમાં રહેવા માંગતા હોય તો તેની માહીતી હા કે ના ના ખાના ઉપર (✓)ની નિશાની કરવી.

૨૦. પ્રવેશ ફોર્મમાં જ્યાં '૧૬' લખેલ છે તે ભાગમાં ઉમેદવારે પોતાના કુટુંબની વિગત (માત્ર પિતા, માતા, ભાઈ તેમજ બહેન) જે તે ખાના મુજબ લખવી.

૨૧. પ્રવેશ ફોર્મની સંપુર્ણ વિગતો ભરી છેલ્લે બાંહેધરી વાંચી, સમજી ને જે સ્થળે આવતા હોય તે સ્થળનું નામ, તારીખ તથા પિતા/માતા/વાલીની સહી તથા ઉમેદવારની સહી અવશ્ય કરવી.

૨૨. પ્રવેશફોર્મની સાથે જે પ્રમાણપત્રોની નકલો જોડે તેની વિગત જેતે ખાના ઉપર (✓)ની નિશાની કરવી.

૨૩. ઉમેદવારે પ્રવેશફોર્મ રૂબરૂ જમા કરાવવા આવે ત્યારે સંસ્થામાંથી પહોંચ અવશ્ય લેવી જેથી ભવિષ્યમાં કોઈ પણ માહીતી અથવા વિગતોની જાણકારી પહોંચ ના આવક નંબર ઉપરથી મેળવી શકાશે.

## સંસ્થાના નિયમો :-

૧. સંસ્થામાં આવવા તેમજ જવાના સમયમાં દરેક તાલીમાર્થીઓએ નિયમિત રહેવું પડશે. મોડા આવવા કે વહેલા જવાના કોઈપણ કારણો માન્ય કરવામાં આવશે નહિ.

૨. દરેક તાલીમાર્થીઓએ હાજરી અને કામ અંગેની નોંધપોથી (ડેઈલી વર્ક ડાયરી) રાખવાની રહેશે. જેમાં તેઓના ઈન્સ્ટ્રકટરની દરરોજ સહી લેવાની તેમજ વાલીની સહી કરાવવાની રહેશે.

૩. સંસ્થામાં થીયરી તેમજ પ્રેકટીકલ તાલીમ આપવામાં આવે છે. દરેક વિષયનું વર્ગકાર્ય, ગૃહકાર્ય નિયમિત કરવાનું રહેશે. સંજોગવસાત રજા પર કે ગેરહાજર રહેલા તાલીમાર્થીઓએ તેમનું બાકી કામકાજ તે જ માસના અંતમાં પુર્ણ કરવાનું રહેશે. દર માસે સેશનલ વર્કના ગુણ આપવામાં આવે છે અને તે ગુણ વાર્ષિક પરીક્ષા સમયે ગણતરીમાં લેવામાં આવે છે. અનિયમિત અને સમયસર કામ પૂર્ણ નહી કરનાર તાલીમાર્થીઓને સંસ્થામાંથી છૂટા કરવામાં આવશે.

૪. સંસ્થાની અંદર કે સંસ્થાની બહાર અયોગ્ય કે બેજવાબદાર વર્તન કરનારને સંસ્થામાંથી છૂટા કરવામાં આવશે. સંસ્થામાં પ્રર્વતમાન તેમજ વખતો વખત અમલમાં આવતા શિસ્ત, હાજરી, વર્તણૂંક વિગરે નિયમો પાળવાના રહેશે. સંસ્થામાં ધુમ્રપાન કરી શકાશે નહી કે ગુટકા કે અન્ય તમાકુની બનાવટનુ સેવન કરી શકાશે નહી.

૫. સંસ્થા તરફથી આપવામાં આવતા રેલ્વે અથવા બસ કન્સેશન પાસનો દૂરપયોગ કરનાર તાલીમાર્થી શિક્ષાને પાત્ર થશે.

૬. જે તાલીમાર્થીઓને સંજોગવસાત ગેરહાજર રહેવાનું થાય તેઓએ પહેલેથી જ તેઓના ઈન્સ્ટ્રક્ટર પાસેથી રજા મંજૂર કરાવવાની રહેશે. રજા મંજૂર કરાવ્યા વગર ગેરહાજર રહેનારની બિનઅધિકૃત ગેરહાજરી ગણાશે. પ્રતિકૂળ સંજોગોમાં પહેલેથી રજા મંજૂર કરાવેલ ન હોય અને ગેરહાજર રહેવુ પડે તેવા સંજોગોમાં ગેરહાજર રહયા બદલ વાલીની ચિઠ્ઠી લાવશો તો જ રજા મંજૂર કરવામાં આવશે. જો બીમાર હોય તો અનફીટ સર્ટીફીકેટ અને તાત્કાલિક રજાનો રિપોર્ટ સંસ્થાને મોકલી આપવો અને હાજર થાય ત્યારે ફીટનેશ સર્ટીફીકેટ સાથે લઈ આવવું. આખી તાલીમ દરમ્યાન ફકત બે જ વખત મેડીકલ રજા મળી શકશે.

૭. તાલીમમાં ૮૦ ટકા હાજરી હોવી જરૂરી છે. જે તાલીમાર્થીની હાજરી ૮૦ ટકાથી ઓછી હશે તે માસથી તેઓનું નામ સંસ્થામાંથી કમી થવાને પાત્ર થશે અને વાર્ષિક પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી.

૮. કોઈપણ તાલીમાર્થી રેગીંગ કરતા માલૂમ પડશે તો નિયમ અનુસાર તે સજાને પાત્ર થશે.

૯. શરૂઆતના પહેલા મહિનામાં સતત પાંચ દિવસ વગર રજાએ ગેરહાજર રહેનારનું નામ વગર નોટિસે કમી કરવામાં આવશે ત્યાર બાદ જે તાલીમાર્થી ૧૦ દિવસથી વધુ દિવસ વગર રજાએ ગેરહાજર રહેશે તેનું નામ સંસ્થામાંથી કમી કરવામાં આવશે.

૧૦. તાલીમાર્થીઓએ આઈડેન્ટીટી કાર્ડ પ્રદર્શિત થાય તેમ લગાવવાનો રહેશે. તેમજ એપ્રોન નિયમીત પહેરીને આવવું પડશે.

૧૧. સંસ્થામાં કોઈપણ સંજોગોમાં મોબાઈલ, પેજર કે અન્ય ઈલેકટ્રોનિકસ આઈટમો લાવી શકાશે નહી. તપાસ દરમ્યાન જો મળી આવે તો જપ્ત કરવામાં આવશે.

૧૨. સંસ્થાના ફર્નીચર, લાઈટ, સેનેટરી, ટુલ્સ, સાધનસામગ્રી તેમજ મશીનરી વિગેરેને નુકશાન થાય તે રીતે વર્તવુ નહી. સંસ્થાની આજુબાજુમાં હરકત કે નુકશાન થાય તેવી રીતે વર્તવુ નહી. સંસ્થામાં ધાંધલ ધમાલ કે મસ્તી કરવી નહી.

૧૩. તાલીમાર્થઓએ સંસ્થા તરફથી આપવામાં આવતા સાધનો (ટુલકીટ) તેમને આપેલા લોકરમાં રાખવાના રહેશે. અને સાચવવાની જવાબદારી તેમની રહેશે. તે સાધાનો તુટશે, ખોવાશે તો તેવું જ સાધન લાવી આપવુ પડશે અને લોકરને તેમનુ પોતાનુ સારી જાતનું તાળુ લગવવાનું રહેશે. તાલીમાર્થીને સોંપેલા ઓજારો સંભાળપૂર્વક સાચવવાના રહેશે.

૧૪. આ સંસ્થામાં જોડાયા પછી તાલીમાર્થી કોઈપણ જગ્યાએ કોઈપણ પ્રકારનો અભ્યાસ કરી શકશે નહી.

૧૫. તાલીમાર્થીએ સ્વેચ્છાએ તાલીમ બંધ કરવી નહી.

૧૬. સંસ્થામાં શિસ્ત અંગેના પ્રર્વતમાન નિયમો તેમજ ૮૦ ટકા હાજરી જાળવવાનું બંધનકર્તા રહેશે.

આ શરતોનું પાલન કરવામાં નિષ્ફળ જશો તો તમારો પ્રવેશ રદ કરવાની, તમારી અનામત (કોશનમની ડીપોઝીટ) જપ્ત કરવાનો સંસ્થાને અધિકાર રહેશે.

**ઉમેદવારના પ્રવેશ અંગેનો આખરી નિર્ણય મેનેજમેન્ટ કમિટીના સભ્યોનો રહેશે.**

**મનોજકુમાર પી. માંડવીઆ**
**આચાર્ય**
**શ્રી નાથુભાઈ તથા શ્રીમતી પાર્વતીબેન નાથુભાઈ દેસાઈ**
**વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર,**
**વાઘલધરા - ૩૯૬૩૭૫**

**આઈ. જે. દેસાઈ**
**પ્રમુખશ્રી**
**શ્રી વાઘલધરા વિભાગ કેળવણી મંડળ**
**વાઘલધરા**

# NCVT પેટર્નના અભ્યાસક્રમોના વર્કશોપ



રેફ્રીજરેશન અને એરકંડીશનર ટેકનીશીયન



વેલ્ડર



ઈલેક્ટ્રીશીયન



કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ



ટર્નર



ડ્રાફ્ટમેન સિવિલ



પ્લમ્બર



C.N.C. મશીનીસ્ટ



સર્વેયર



ડ્રેસ મેકિંગ



કોમ્પ્યુટર હાર્ડવેર એન્ડ નેટવર્ક મેન્ટેનન્શ



આર્કિટેકચર ડ્રાફટમેન



એસ. પી. બી. આદિજાતિ છાત્રાલય



મુખ્યમંત્રી અને હવે વડાપ્રધાનશ્રી માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીની વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર, વાઘલધરાના સ્ટોલની મુલાકાત વખતે સંસ્થાના પ્રમુખશ્રી શ્રી આઈ. જે. દેસાઈ સાથે તારીખ : ૧૯-૦૧-૨૦૧૨